PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૩/કવા–૦૪/૧૭–૧૮/ 3237 તા. 19-04-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
વિરાટ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ,
ગામ: વીરપર
મોરબી – રાજકોટ હાઈવે
મો: ૯૯૦૯૦ ૪૦૪૦૦, ૯૯૭૯૪ ૭૫૪૪૯

**વિષય :–ઈલેકટ્રીસીટી ડયુટી ના તફાવત ની રકમ રીફંડ મેળવવા માટે**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૫–૦૨–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૩/કવા–૦૪/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, મોરબી
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, ટંકારા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

કેસ નં. : સીજીઆરએફ : ૩૩/ક્વા–૦૪/૧૭–૧૮ કમિટી મીટીંગઃ તા. ૧૦–૦૪–૧૮ સ્થળ : મોરબી

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામઃ વિરાટ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ, ગામઃ વીરપર**

**રજુઆત કરનારઃ અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે વી.વી.પટેલ હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : – કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, મોરબી**

**રજુઆત કરનાર :આર.પી. ભટ્ટ – નાયબ ઈજનેર (ટેક) વિભાગીય કચેરી, મોરબી**

## : હુકમ :

**ફરીયાદ : ઈલેકટ્રીસીટી ડયુટી ના તફાવત ની રકમ રીફંડ મેળવવા માટે**

### મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેમના ગામઃ વીરપર ખાતે આવેલ એલ.ટી.એમ.ડી વીજજોડાણ નંબરઃ૩૪૬૧૪ /૫૦૦૬૪/૧ થી ધરાવે છે. તેઓનુ જોડાણ કારખાના ના નિયમ મુજબ ચાલુ છે. શરૂઆતમા તેઓને ૧૦% ઈલેકટ્રીસીટી ડયુટી આવતી હતી. પરંતુ છેલ્લા –૦૨ –૦૩ વર્ષ થી ઈલેકટ્રીસીટી ડયુટી ૨૫% અરજદાર પાસેથી વસુલ કરવામા આવેલ છે, આમ, વધુ વસુલ થયેલ રકમ રીફંડ મેળવવા માટે – તેમજ હવે પછી ના બીલ મા ૧૦% ઈલેકટ્રીસીટી ડયુટી કરી આપવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

### મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | • (૧) અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, મે. વિરાટ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ ગામઃવીરપર ગ્રાહક નં.– ૩૪૬૧૪ /૫૦૦૬૪/૧ થી ૭૬ કીવો નુ વીજ જોડાણ તા.૧૧–૧૧–૨૦૦૬ થી રીલીઝ કરાયેલ છે. સદર ગ્રાહક દ્વારા વિરાટ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ માથી વિરાટ પેકેજીંગ ઉધ્ધોગ મા બદલાવેલ છે, જે અંગે ગ્રાહક દ્વારા તા.૦૮–૦૨–૨૦૧૦ થી માત્ર પત્ર દ્વારા જાણકારી અપાયેલ છે. પરંતુ, પીજીવીસીએલ મા નામ બદલી ની અરજી કરેલ નથી. જે બાબતે પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી તા.૦૮–૦૮–૧૭ થી ગ્રાહક ને જાણકારી અપાયેલ છે.<br>• (૨) ગ્રાહક દ્વારા – પીજીવીસીએલ ની સબંધક કચેરી મા વિરાટ પેકેજીંગ ને અપાયેલ ગુજરાત ગર્વમેન્ટ ટેકસ ડિપાર્ટમેન્ટ નુ સર્ટીફીકેટ રજુ કરાયેલ છે. તેના ઉપરથી – ઈલેકટ્રીસીટી ડયુટી કેટલા ટકા લેવી તે નકકી કરી શકાય નહી. પરંતુ, ગ્રાહક તરફથી વિદ્યુત શુલ્ક સમાહર્તા ની કચેરી – ગાંધીનગર નુ સર્ટીફીકેટ રજુ કરાયા બાદ – પીજીવીસીએલ તરફથી આગળ ની કાર્યવાહી કરી શકાશે. |

### મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **<u>૩.૧</u>** | • અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે – અરજદાર દ્વારા – એ–૧ ફોર્મ મુજબ ની વિગતે વિરાટ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ ના નામનુ ગામઃવીરપર ખાતે – પટેલ એસ્ટેટ પ્લોટ નં. – ૨૨/ ૨૩ સર્વે નંબરઃ ૩૯૩ પૈકી – તા.ટંકારા ખાતે – ૧૦૦ હોપા નુ – ઓઈલ મીલ ના હેતુ માટે અરજી તા.૨૧–૦૭–૨૦૦૬ ના રોજ કરેલ હતી.<br>• અરજદાર દ્વારા ઈલેકટ્રીસીટી ડયુટી ૨૫% માથી ૧૦% ઈલેકટ્રીસીટી ડયુટી કરવા [illegible] માટે – મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ની નિયમાધીન જરૂરી કાર્યવાહી અરજદાર દ્વારા કરાયેલ ન હોય – જેથી, અરજદાર ના વીજબીલ મા – ઈલેકટ્રીસીટી ડયુટી ૨૫% માથી ૧૦% ઈલેકટ્રીસીટી ડયુટી કરવા બાબતે ની અરજી ગ્રાહય રાખવામા આવતી નથી. તેમ સદર બાબતે – અત્રેની ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**<u>મુદદા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| **<u>૪.૧</u>** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.